

# અંગ્રેજી

## ધોરણ-3

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

## નવેમ્બર માસનું પાઠ આયોજન
## 5. Happy Cloud

**અધ્યયન નિષ્પતિ :**

E301 Rhymes, Action Songs, Poems, Prayers સામૂહિક રીતે યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે.

E304 વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી (ફ્લેશકાર્ડ / ચિત્રમાં રહેલા શબ્દો) તેમજ ઘર અને આસપાસના પર્યાવરણમાં રહેલી વિવિધ વસ્તુઓનું વર્ણન સાંભળે છે, સમજે છે અને ટૂંકમાં તેનું વર્ણન કરે છે.

E305 લોનવર્ડ્ઝ સહિત આશરે 300 જેટલાં શબ્દો જાણે છે અને તે વિશે જણાવે છે. પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.

E313 વર્ગખંડ શાળાકીય પર્યાવરણમાં ઉપલબ્ધ લખાણ (કવિતા, ચાર્ટ, સૂચના વગેરે)માં રહેલા શબ્દો / ટૂંકા વાક્યો વાંચે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhyme “If You Are Happy” નું ગાન કરવું
- સમૂહમાં અભિનયગીત
- વ્યક્તિગત ગાન
- Role play
- પાત્રો અનુસાર સંવાદ સાથે વાર્તા
- ખાલી જગ્યામાં True લખશે અને ખોટા વિધાન માટે False
- Odd one out
- Read and select
- સાચા કે ખોટા વિધાનો
- બોર્ડ પર દસથી પંદર શબ્દો લખવા
- શબ્દ પર tap
- boxમાં ✓ ની નિશાની
- 70 થી 80 સુધીના અંકો
- If you are happy.... ગીત

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-Cloud નો ચાર્ટ
-વાર્તામાં આપેલી tap રમત માટે જરૂરી સાધનો
-1 થી 100 નો અંગ્રેજી અંક ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક Unit Notes માંથી અભિનય ગીત “If You Are Happy” ગાઈ સંભળાવશે. શિક્ષક ગીતની એક પછી એક પંક્તિ વિધાર્થીઓને અભિનય સાથે ગવડાવશે. બાળકો સમૂહમાં અભિનયગીત કરશે. બાળકો નાનાં

નાનાં જૂથમાં ગાન કરશે. બાળકો વ્યક્તિગત ગાન કરશે. શિક્ષક મોટેથી સંવાદ વાંચશે. શિક્ષક એક પછી એક વાક્ય બોલશે અને વિદ્યાર્થીઓ પાસે બોલાવીને મહાવરો કરાવશે. શિક્ષક ઉપરોક્ત સંવાદનો વિદ્યાર્થીઓ પાસે Role play કરાવશે. શિક્ષક અહીં ચિત્રોની મદદથી વાર્તામાં આવતા પાત્રો અનુસાર સંવાદ સાથે વાર્તા કહેશે. શિક્ષક બાળકો પાસે Role play કરાવશે. વિદ્યાર્થીઓ વાર્તાના આધારે આપેલ સાચાં વિધાન માટે ખાલી જગ્યામાં True લખશે અને ખોટા વિધાન માટે False લખશે.

Odd one out : શિક્ષક વિદ્યાર્થીને પ્રવૃત્તિ કરવામાં અનુકૂળતા રહે માટે વાર્તા ફરીથી વાંચશે. શિક્ષક વિદ્યાર્થીઓને આપેલા નામો વાંચી સંભળાવશે અને odd શોધવામાં મદદરૂપ થશે.

Read and select : શિક્ષક વિદ્યાર્થીઓને આપેલા વિધાનો સાચા કે ખોટા છે તે નિર્ણય માટે મદદરૂપ થશે.

શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓની બે ટીમ બનાવી પ્રત્યેક ટીમના વિદ્યાર્થીઓને 1 થી શરૂ કરી ક્રમ આપશે. શિક્ષક બોર્ડ પર દસથી પંદર શબ્દો લખશે જેમ કે, swan, sorry, tortoise, tomato વગેરે. શિક્ષક બોર્ડ પર લખેલા શબ્દો પૈકી કોઈ એક શબ્દ અને વિદ્યાર્થીનો ક્રમ બોલશે. વિદ્યાર્થીને તે સાચા શબ્દ પર tap કરવાનું કહેશે. જે ટીમનો વિદ્યાર્થી સાચા શબ્દ પર પ્રથમ tap કરશે તે ટીમને દસ points મળશે. ઉપરોક્ત સૂચના મુજબ રમત ચાલુ રહેશે અને અંતે points ગણીને વિજેતા ટીમ જાહેર થશે.

શિક્ષક વિદ્યાર્થીઓને અભિવાદન વાંચી સંભળાવશે. વિદ્યાર્થીઓ અભિવાદન માટે યોગ્ય પરિસ્થિતિ માટે boxમાં ✓ ની નિશાની કરશે. શિક્ષક આવા અન્ય અભિવાદનો માટે worksheet બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવી શકે.

શિક્ષક 70 થી 80 સુધીના અંકો મોટેથી બોલશે. શિક્ષક વિદ્યાર્થીઓનું ધ્યાન દોરશે કે 70 માટે seventy પછી one, two, three એમ ક્રમશઃ જોડવાના હોય છે. શિક્ષક વિદ્યાર્થીઓને જોડીમાં બેસાડી દાખલા ગણી તેમના જવાબ અંગ્રેજીમાં લખવા અને બોલવા કહેશે. શિક્ષક આવા

બીજા દાખલા પણ જરૂર મુજબ ગણાવશે.

શિક્ષક વિદ્યાર્થીને If you are happy.... ગીત ગવડાવશે. વિદ્યાર્થીઓ ગાશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-પ્રશ્નોત્તરી

-Run and Circle રમત રમાડવી

-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.

- boxમાં ✓ ની નિશાની કરવી

- Rhymeનું ગાન કરશે.

-દાખલા લખી અંગ્રેજીમાં આંકડા લખવા.

-True – False કરવા

-શેપ પ્રમાણે કલર કરવા

-અંગ્રેજીમાં અંક લખવા

-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.

## ડીસેમ્બર માસનું પાઠ આયોજન
## 6. Useful Things

**અધ્યયન નિષ્પતિ :**

E303 પરિચિત પરિસ્થિતિ મુજબ ટૂંકી અને સરળ સૂચનાઓ સંભાળે છે, તેનો પ્રતિભાવ આપે છે અને અન્યને તેવી સૂચનાઓ આપે છે.

E314 વસ્તુનું વર્ણન કરવા માટે તેનાં કદ, આકાર, રંગ, સંખ્યા, વજન સાથે સંકળાયેલા big, small, round, pink, red, heavy, light, soft જેવા શબ્દોનો ઉપયોગ કરે છે.

E317 I - me - my, we - us – our, you - you - your, he - him – his, she - her - her, it - it - its, they - them-their જેવા સર્વનામો વિશે જાણે છે અને જણાવે છે.

E316 ઉલટા પ્રશ્નો (Inversion Questions) તેમજ Wh. Questions (Who, What, How many, How much, Where, When) ના ટૂંકમાં મૌખિકમાં જવાબ આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhyme નું ગાન કરવું

- સમૂહમાં અભિનયગીત

- વ્યક્તિગત ગાન

- Rhymeમાંથી moon અને trip શબ્દો

- ટેબલના colour, shape, number of legs

- shape, size, look અને material વિષે પ્રશ્ન

- વર્ગખંડની કેટલીક વસ્તુઓનો ઉપયોગ
- 'Clap and Stamp' game

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-Shape નો ચાર્ટ
-Cat, Dog ના ચિત્રો
-પ્રવુત્તિ માટે જરૂરી સાધનો
-અંગ્રેજી અંક ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક શિક્ષક ઉપરોક્ત Rhyme અભિનય સાથે ગાશે અને એક પછી એક પંક્તિ વિદ્યાર્થીઓને ગવડાવશે. વિદ્યાર્થીઓ Rhymeનું સમૂહગાન કરાવશે. વિદ્યાર્થીઓ નાનાં નાનાં જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક કેટલાક વિદ્યાર્થીઓ પાસે Rhymeનું વ્યક્તિગત ગાન કરાવશે. શિક્ષક ઉપરોક્ત Rhymeમાંથી moon અને trip શબ્દો બોર્ડ પર લખશે અને આ શબ્દો માટે Rhyming words શોધવા વિદ્યાર્થીઓને કહેશે. ચિત્ર વર્ણન માટે અહીં ટેબલના colour, shape, number of legs અને તેને material માટેની hints આપેલી છે. શિક્ષક વિધાનિ Unit Notesમાં આપેલા પ્રશ્નો પૂછશે. શિક્ષક વિવિધ ચિત્રોના વર્ણન માટે વિદ્યાર્થીઓને તેના shape, size, look અને material વિષે પ્રશ્ન પૂછશે અને આ રીતે વિદ્યાર્થીઓ ચિત્ર વર્ણન માટે મહાવરો કેળવશે. શિક્ષક વિદ્યાર્થીઓને ઉપરોક્ત ચિત્રોને ધ્યાનથી જોવા કહેશે. શિક્ષક દરેક ચિત્ર માટે ચિત્રની નીચે આપેલ વાક્યોની મદદથી ચિત્રનું વર્ણન કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્ર સાથે આપેલા વાક્યો વાંચવા માટે જણાવશે. શિક્ષક ચિત્ર ક્રમ 1 થી 6 સુધીના વાક્યો એક પછી એક આડા અવળા ક્રમમાં બોલશે અને વિદ્યાર્થીઓ તે મુજબની ક્રિયા દર્શાવતા ચિત્રો ઓળખી બતાવશે. અહીં શ્રેયા અને તેની બિલાડીના ચિત્રો આપેલા છે. શિક્ષક વિદ્યાર્થીઓને દરેક ચિત્ર વિષે અંગ્રેજીમાં એક વાક્ય બોલવા કહેશે. વિદ્યાર્થીઓ માતૃભાષાના કેટલાક શબ્દોનો ઉપયોગ કરી શકે છે. દા.ત. ત્રીજાં ચિત્ર માટે જો કોઈ વિદ્યાર્થી 'શ્રેયા cat ને ખવડાવે છે." એમ દ્વિભાષામાં બોલે તો પણ સ્વીકારવું. શિક્ષક વિદ્યાર્થીઓને એક પછી એક

દરેક ચિત્રનું અંગ્રેજીમાં વર્ણન કરવા મદદ કરશે. શિક્ષક દરેક ચિત્ર માટે એક એક વાક્ય રજુ કરશે અને બોર્ડ પર લખશે જે Unit Notesમાં આપેલા છે. જેથી વિદ્યાર્થીઓ વાક્યરચના અને અપરિચિત શબ્દો જાણશે. શિક્ષક Unit Notesમાં આપેલા વાક્યોને આધારે ઉપરોક્ત ચિત્રોનું વર્ણન કરશે. શિક્ષક પ્રથમ ચિત્રમાં they-their શબ્દો પર ભાર મૂકશે. શિક્ષક બીજા ચિત્રમાં it-its શબ્દો પર ભાર મૂકશે. શિક્ષક they, their it અને its માટે વર્ગખંડની કેટલીક વસ્તુઓનો ઉપયોગ કરી ઉદાહરણો વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરશે. જેથી બાળકો તેના ઉપયોગથી વધુ પિરિચત થશે. શિક્ષક વિદ્યાર્થીને Unit Notesમાં આપેલ કોયડા એક પછી એક પૂછશે. શિક્ષક કોયડા રજુ કરતી વખતે કોઈ વસ્તુના આકારનો ઉલ્લેખ કરવા માટે હાથથી બતાવીને અથવા તો બોર્ડ પર આકાર દોરીને વિદ્યાર્થીઓને સમજાવશે. વિદ્યાર્થી વિગત પરથી વસ્તુ ઓળખશે અને લાગુ પડતા ચિત્રની સામે પૂછવામાં આવેલ કોયડાનો ક્રમ લખશે. શિક્ષક eat અને sit જેવા શબ્દોનું સીધું ભાષાંતર ન કરતા action સાથે બોલશે. શિક્ષક વિદ્યાર્થીઓને Unit Notesમાં દર્શાવ્યા પ્રમાણે ‘Clap and Stamp game માટેની સૂચના આપશે. શિક્ષક ઉપર આપેલ ચિત્રોમાંથી એક ચિત્રનું વર્ણન કરશે. જેમ કે; It is an animal. It is a wild animal. It lives in the jungle. It has black stripes on its body. વિદ્યાર્થી શિક્ષક દ્વારા કરેલા વર્ણનને અનુરૂપ ચિત્રનું નામ બોલશે. Unit Notesમાં આપેલી સૂચનાઓ અનુસાર પ્રવૃત્તિ આગળ વધશે. શિક્ષક વિદ્યાર્થીઓને અહીં દર્શાવેલ વસ્તુઓનું વર્ણન કરવા કહેશે. વિદ્યાર્થી આ પ્રવૃત્તિ જોડીમાં કરશે. જરૂર જણાય ત્યારે શિક્ષક મદદ કરશે. વિદ્યાર્થીઓ ચિત્રમાં દર્શાવેલ વસ્તુના colour, shape અને material અથવા વસ્તુના ઉપયોગ વિષે ત્રણ વાક્યો બોલશે. વિદ્યાર્થીઓ ક્રમશઃ એક પછી એક ચિત્રનું વર્ણન કરશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

**- Guess What?:**

1. શિક્ષક વિદ્યાર્થીઓના જૂથ બનાવશે. દરેક જૂથમાં ચાર વિદ્યાર્થીઓ હશે.
2. શિક્ષક એક પછી એક દરેક જૂથને વર્ગ સમક્ષ બોલાવશે.
3. તે જૂથ ગુપ્ત રીતે એક ચિત્ર પસંદ કરશે અને જૂથના દરેક સભ્ય એક-એક વાક્યમાં shape, colour વગેરે દર્શાવી ચિત્રનું વર્ણન કરશે.
4. અન્ય જૂથમાંથી જે જૂથ તે વસ્તુને પ્રથમ ઓળખી બતાવે તેને 5 points મળશે.
5. વધુ points મેળવનાર જૂથ વિજેતા થશે.

- Clap and Stamp: Game
શિક્ષક નીચે આપેલા વાક્યો એક પછી એક બોલશે અને તેની સાથે action કરશે.

જો શિક્ષક વાક્ય મુજબ સાચી action કરે તો વિદ્યાર્થીઓ ત્રણ વખત તાળી પાડશે.
જો શિક્ષકની action વાક્ય મુજબની ન હોય તો વિદ્યાર્થીઓ stamp કરશે અને નકારમાં માથું હલાવશે.
-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**
-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.
- boxમાં ✓ ની નિશાની કરવી
- Rhymeનું ગાન કરશે.
-દાખલા લખી અંગ્રેજીમાં આંકડા લખવા.
- શિક્ષક અહીં આપેલી hints બોર્ડ પર લખશે. 1. It is (colour) 2. It is (વસ્તુનો shape) 3. It is used for (ઉપયોગ) 4. It is made of (material)
-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવૃત્તિઓ કરવી.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## 7. Our Helpers

**અધ્યયન નિષ્પતિ :**

E307 51 ની 100 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

E306 પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે અને તેની જોડ બનાવે છે.

E315 વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ – પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના વિશે ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જણાવે છે.

E312.1 અંગ્રેજી મૂળાક્ષરો વાંચે છે તેમજ કેપિટલ અને સ્મૉલ મૂળાક્ષરો અને તેનાથી બનતા શબ્દોનું યોગ્ય રીતે અનુલેખન કરે છે.

E312.2 વિરામચિહ્નોનો ઉપયોગ કરીને સાદા અંગ્રેજી વાક્યોનું મુખવાચન કરે છે.

E312.3 સાદા અંગ્રેજી શબ્દોનું અનુલેખન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhyme નું ગાન કરવું
- સમૂહમાં અભિનયગીત
- વ્યક્તિગત ગાન
- ચિત્રો સાથે આપેલા વાક્યોનું વાંચન
- swans અને tortoiseનો Role - Play
- વાર્તા આધારીત પ્રશ્નો
- ચિત્રના નામનો spelling
- 6 x 6 ના કોષ્ટકમાં અંગ્રેજી મૂળાક્ષરો
- કોષ્ટકમાંથી નવા શબ્દો બનાવવા
- Read and match
- વ્યવસાયકારો
- box માંથી યોગ્ય જવાબ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-વ્યવસાયકારો નો ચાર્ટ
-વાર્તામાં આવતા ચિત્રો
-પ્રાણીઓના ચિત્રો
-6 x 6 ના કોષ્ટક
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક Unit Notes માંથી Rhyme ગાશે. Rhymeની એક પછી એક પંક્તિ શિક્ષક વિદ્યાર્થીઓને ગવડાવશે. વિદ્યાર્થીઓ જાતે સમૂહમાં અને ત્યારબાદ નાના નાના જૂથમાં Rhymeનું ગાન કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને ઉપરોક્ત ચિત્રો બતાવીને ચિત્રો સાથે આપેલા

વાક્યોનું વાંચન કરવા કહેશે. શિક્ષક ચિત્રોની મદદથી Unit Notesમાં આપેલી વાર્તા કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓ પાસે swans અને tortoiseનો Role - Play કરાવશે. શિક્ષક વાર્તા આધારીત પ્રશ્નો પૂછશે. શિક્ષક વિદ્યાર્થીન ક્રમ પ્રમાણે અહીં આપેલા ચિત્ર તરફ ધ્યાન દોરશે. શિક્ષક વિદ્યાર્થીઓને બતાવેલા ચિત્ર ઓળખવામાં મદદ કરશે. શિક્ષક વિદ્યાર્થીને ઓળખેલા ચિત્રનું નામ કૌંસમાં આપેલા નામોમાંથી શોધવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીને ઓળખેલા ચિત્રના નામનો spelling ક્રમ અનુસાર આપેલા ખાનામાં લખવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીને 6 x 6 ના કોષ્ટકમાં અંગ્રેજી મૂળાક્ષરો આપશે. શિક્ષકની મદદથી વિદ્યાર્થી આપેલા ચિત્ર માટેનો શબ્દ કોષ્ટકમાંથી શોધીને ચિત્રની સામેની જગ્યામાં લખશે. શિક્ષક વિદ્યાર્થીઓને કોષ્ટકમાંથી નવા શબ્દો બનાવવા પ્રોત્સાહિત કરશે. વિદ્યાર્થીઓએ બનાવેલા શબ્દોના અર્થ શિક્ષક કહેશે. Read and match: 1. શિક્ષક વિદ્યાર્થીઓને ખાનામાં આપેલી માહિતી ક્રમ અનુસાર વાંચી સંભળાવશે. 2. વિદ્યાર્થી સાંભળેલી માહિતીને અનુરૂપ સામે આપેલા ચિત્રો ઓળખશે અને આપેલા 3. ખાનામાં ક્રમ લખશે. વિદ્યાર્થી શિક્ષકની મદદ લઈ બીજા ત્રણ વાક્યો દરેક વ્યવસાયકારો માટે બોલશે. 4. શિક્ષક વિદ્યાર્થીને વધારાના ત્રણ વાક્યો અંગ્રેજીમાં બોલવા માટે મદદ કરશે. શિક્ષક વિદ્યાર્થીને અહીં આપેલા પ્રશ્ન પૂછશે અને આપેલ box માંથી યોગ્ય જવાબ પસંદ કરવા કહેશે. વિદ્યાર્થી પસંદ કરેલા જવાબ ખાલી જગ્યામાં લખશે. શિક્ષક વિદ્યાર્થીઓને કૌંસમાં આપેલા શબ્દોમાંથી ચિત્રની નીચે ખાલી જગ્યામાં ઉચિત શબ્દ લખવા મદદ કરશે. કૌંસમાં આપેલા શબ્દો એક કરતાં વધારે ચિત્રો માટે જવાબ તરીકે આવી શકે છે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-પ્રશ્નોત્તરી

- swans અને tortoiseનો Role – Play

-6 x 6 ના કોષ્ટક

-Rhyme મોબાઈલ /પ્રોજેક્ટર / કોમ્પ્યુટરમાં

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.

- કોષ્ટકમાંથી નવા શબ્દો બનાવવા
- Rhymeનું ગાન કરશે.
- box માંથી યોગ્ય જવાબ પસંદ કરવા
-ખાલી જગ્યામાં ઉચિત શબ્દ લખવા
-વ્યવસાયકારોના ના લખવા.
-Boogie Woogie ગીત ગાવું
-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

## 8. Animals, Our Friends

**અધ્યયન નિષ્પતિ :**

E309.1 ટૂંકી પરિચિત વાર્તા અંગ્રેજીમાં સાંભળે છે. વાર્તા અને પાત્રો વિશે અંગ્રેજી / ઘરની ભાષામાં પ્રશ્નો પૂછે છે.

E309.2 અભિનયયુક્ત અને ચિત્રની મદદથી રજુ થયેલી વાર્તા સાંભળીને સમજે છે તેમજ વાર્તામાં આવતા શબ્દો અને શબ્દ સમૂહો જાણે છે. વાંચે છે અને તેનો ઉપયોગ કરે છે તેમજ પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે અને મુદ્દા કે ચિત્રોની મદદથી વાર્તા કહે છે.

E318 This, That, These, Those, There is, There are નો ઉપયોગ કરી વસ્તુઓનો નિર્દેશ કરે છે તેમજ પ્રશ્નોના જવાબ આપે છે.

E310 વાર્તા / કવિતા સંબંધી પ્રશ્નોના દ્વિભાષામાં શબ્દ સમૂહ અથવા ટૂંકા વાક્યોમાં મૌખિક રીતે જવાબ આપે છે.

E319 રોજિંદા જીવનની અને વર્તમાનમાં ચાલુ હોય તેવી ક્રિયાઓનું વર્ણન કરે છે. ઉદા. Today is Sunday, I am playing kabaddi.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhyme Action Song નું ગાન કરવું
- પ્રાણી-પક્ષીના ચાર્ટ/કાર્ડ
- પ્રાણી અને પક્ષીનો પરિચય
- પક્ષીઓની કવિતા
- પ્રાણી અને પક્ષીના અવાજ
- પ્રાણી અથવા પક્ષીનું નામ અંગ્રેજીમાં બોલવું
- જુદા જુદા રંગના વર્તુળ

- 'Guess the Animal' song
- મનપસંદ પ્રાણી અને પક્ષીનું ચિત્ર ચોટાડવા
- Read and rearrange
- Capital Letters, Small Letters અને વિરામચિન્હોનો ઉપયોગ
- this, that, these, thoseના ઉદાહરણ
- ચિત્રવર્ણન
- અંગ્રેજીમાં 91 to 100 સુધીના numbersનો પરિચય
- currencyના આધારે આ પ્રવૃત્તિ
- this, that, these અને those ની સંકલ્પના

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-પ્રાણી-પક્ષીના ચાર્ટ/કાર્ડ
- જુદા જુદા રંગના વર્તુળ
- currency
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક ઉપરોક્ત Action Songને Unit Notesમાં નિયત કરેલા ક્રમમાં રજૂ કરશે. શિક્ષક પ્રાણી-પક્ષીના ચાર્ટ/કાર્ડની મદદથી સરળ શબ્દોમાં પ્રાણી અને પક્ષીનો પરિચય આપશે. શિક્ષક અન્ય ભાષામાં પ્રાણી અને પક્ષીઓની કવિતા પણ શીખવશે. શિક્ષક પ્રાણી અને પક્ષીના અવાજનો પરિચય કરાવશે. શિક્ષક ઉપર દર્શાવવામાં આવેલા વિવિધ પ્રાણી તથા પક્ષીઓના ચિત્રમાંથી એક પછી એક પ્રાણી અથવા પક્ષીનું નામ અંગ્રેજીમાં બોલશે. શિક્ષક વિદ્યાર્થીઓને તે પ્રાણી/પક્ષીને ઓળખીને તેના પર જુદા જુદા રંગના વર્તુળ કરવા કહેશે. શિક્ષક ઉપરોક્ત ચિત્રમાં દર્શાવવામાં આવેલા પ્રાણી પક્ષીઓને 'Guess the Animal' songમાંથી ચિત્ર સામે તેમના Spellings શોધી લખવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓને ચિત્રના નામ શોધવામાં જરૂર જણાય ત્યાં મદદ કરશે. શિક્ષક ઉપરોક્ત ચિત્રમાં દર્શાવવામાં આવેલા પ્રાણી અને પક્ષીના અંગ્રેજી નામ શોધીને લખવા કહેશે. શિક્ષક વિદ્યાર્થીએ આપવામાં આવેલા ખાલી Boxમાં પોતાને મનપસંદ પ્રાણી અને પક્ષીનું ચિત્ર ચોટાડવા જણાવશે અને તેના નામના Spellings લખવા કહેશે. શિક્ષક ઉપરોક્ત પ્રાણી અને પક્ષીના આધારે

"Guess the Animal" Action song આગળ વધારશે. શિક્ષક ચિત્રના આધારે Unit Notesમાં આપવામાં આવેલી વાર્તા કહેશે. શિક્ષક ચિત્ર સાથે આપેલા વાક્યો વાંચશે અને વિદ્યાર્થીઓ પાસે વંચાવશે. Read and rearrangeમાં આપેલ વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવવા માટે શિક્ષક ફરીથી વાર્તા કહેશે. શિક્ષક વિદ્યાર્થીઓને અનુલેખન દરમિયાન Capital Letters, Small Letters અને વિરામચિન્હો બાબતે વધુ સજાગ રહેવા સૂચના આપશે તથા ચકાસતી વખતે યોગ્ય માર્ગદર્શન આપશે. શિક્ષક વાર્તા કહે તે દરમિયાન ઉપયોગમાં લેવાયેલા શબ્દોના આધારે વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરશે અને જરૂર જણાય તો વાર્તા ફરીથી કહેશે. શિક્ષક કોલમ A અને B માં આપેલ ચિત્રોના નામ સ્પષ્ટ ઉચ્ચાર (ભેદ) સાથે બોલશે અને વિદ્યાર્થીઓ પાસે બોલાવશે. શિક્ષક વર્ગખંડની વસ્તુ તરફ આંગળી નિર્દેશિત કરી this, that, these, thoseના ઉદાહરણ પુરા પાડશે. શિક્ષક આપેલા ચિત્ર આધારે વાક્યો બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપશે. ઉપરોક્ત પ્રવૃત્તિના વધુ માર્ગદર્શન માટે Unit Notes જુઓ. શિક્ષક વિદ્યાર્થીઓને પુનઃ ધ્યાન દોરશે કે, this, that, these અને those દ્વારા વસ્તુ કે વ્યક્તિને નિર્દેશિત કરતી વખતે પોતાનું સ્થાન ખૂબ જ અગત્યની બાબત છે. જે બાબતને ધ્યાનમાં રાખી દરેક વિદ્યાર્થી ચિત્રવર્ણન કરશે. વધુ માહિતી માટે Unit Notes જુઓ. શિક્ષક વિદ્યાર્થીઓને Unit Notesમાં આપેલ રમત રમાડશે. શિક્ષક ઉપરોક્ત પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં 91 થી 100 સુધીના numbersનો પરિચય આપશે. શિક્ષકે 91 થી 100 ના તમામ numbers અંગ્રેજીમાં જ બોલશે અને બોલાવશે. શિક્ષક પ્રાપ્ય currencyના આધારે આ પ્રવૃત્તિ આગળ વધારશે અને અન્ય સંખ્યાનો પણ પરિચય કરાવશે. Place yourself and speak : શિક્ષક this, that, these અને those ની સંકલ્પના વધુ સ્પષ્ટ કરવા પોતાની જગ્યા બદલી નજીકતાદર્શક વસ્તુને દૂરતાદર્શક વસ્તુ તરીકે અને દૂરતાદર્શક વસ્તુને નજીકતા દર્શક વસ્તુ તરીકે બતાવશે.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- પ્રાણી અને પક્ષીના અવાજ
- જુદા જુદા રંગના વર્તુળ
- મનપસંદ પ્રાણી અને પક્ષીનું ચિત્ર ચોટાડવા
- currencyના આધારે આ પ્રવૃત્તિ
- નજીકતાદર્શક વસ્તુને દૂરતાદર્શક વસ્તુ તરીકે અને દૂરતાદર્શક વસ્તુને નજીકતા દર્શક વસ્તુ તરીકે બતાવવી

**મૂલ્યાંકન :**

- જુદા જુદા રંગના વર્તુળ કરવા
- પ્રાણી અને પક્ષીના નામ લખવા
- મનપસંદ પ્રાણી અને પક્ષીનું ચિત્ર ચોટાડવા
-પ્રાણી-પક્ષીની વાર્તા લખવી.
- આપેલા ચિત્ર આધારે વાક્યો બનાવવા

- અંગ્રેજીમાં 91 થી 100 સુધીના numbers લખવા
-અંગ્રેજીમાં અંક લખવા
-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.

**માર્ચ માસનું પાઠ આયોજન**

**9. Not Hard at all**

**અધ્યયન નિષ્પતિ :**

E302 શિક્ષક અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન અરસપરસ પ્રતિભાવ આપે છે.

E308 પોતાના પ્રિય વાર્તાના પુસ્તક / પાત્ર વિશે દ્વિભાષામાં વાત કરે છે. મુદ્દા કે ચિત્રની મદદથી વાર્તાનું વર્ણન કરે છે.

E311 પોતાના વિશે અને પોતાના મિત્ર ભાઈ-બહેન વિશે વાત કરે છે તેમજ તેમની પસંદ / નાપસંદનું ટૂંકમાં વર્ણન કરે છે.

E320 શબ્દકોશનો સાચો ક્રમ સમજે છે. શબ્દકોશના સાચા ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવીને લખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Rhyme Action Song અભિનય નું ગાન કરવું
- વ્યક્તિગત અને સમૂહમાં અભિનય
- Silent Reading
- Underline
- પ્રશ્નોના જવાબ વાર્તાના આધારે શોધવા
- અંગ્રેજી lettersના dictionary (ડીક્ષનરી)
- spellingને ગોઠવવા
- joy, yellow, ear, nose Ans: ear, joy, nose, yellow
- Activity "Let's read

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-જરૂરી ચિત્રો
-ક્રિયાઓનો ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક ઉપરોક્ત Action Song અભિનય સાથે ગાશે. શિક્ષક આ Action Song વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સમૂહમાં અભિનય સાથે ગવડાવશે. શિક્ષક ઉપરોક્ત Action Song અભિનય સાથે ગાશે. શિક્ષક આ Action Song વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સમૂહમાં અભિનય સાથે ગવડાવશે. શિક્ષક ચિત્રના આધારે Unit Notesમાં આપેલી વાર્તા કહેશે. શિક્ષક ચિત્ર સાથે આપેલા વાક્યો વાંચશે. શિક્ષક વિદ્યાર્થીઓને વાક્યો વાંચવા કહેશે. (Silent Reading કરાવશે.) વિદ્યાર્થીઓને જે શબ્દ વાંચવામાં મુશ્કેલી લાગે તેને

Underline કરાવશે. શિક્ષક પુનઃ વાંચન કરશે અને કરાવશે. શિક્ષક ઉપરોક્ત પ્રશ્નોના જવાબ વાર્તાના આધારે શોધવા જણાવશે. વિદ્યાર્થીઓને પ્રશ્નો સમજવા મુશ્કેલી પડે તો શિક્ષક જરૂરી માર્ગદર્શન આપશે. આ પ્રવૃત્તિ group work તરીકે પણ કરાવી શકાય. Game શરૂ કરતા પહેલા વિદ્યાર્થી સમક્ષ ચાલુ ક્રિયા દર્શાવતા કેટલાક ઉદાહરણ રજુ કરો. શિક્ષકે વિદ્યાર્થીઓને અંગ્રેજી lettersના dictionary (ડીક્ષનરી) ક્રમમાં spellingને ગોઠવવા માટેની પ્રાથમિક સમજ આપવી. for example: joy, yellow, ear, nose Ans: ear, joy, nose, yellow વધુ માહિતી માટે Unit Notes જુઓ. પ્રવૃત્તિ કરાવતી વખતે વિદ્યાર્થી આપેલા ચિત્રમાં દર્શાવવામાં આવેલી ક્રિયા સિવાયના action wordsના આધારે વાક્યો બનાવે તો તે પણ સ્વીકાર્ય રહેશે તથા તેમને પ્રોત્સાહિત કરવા. Activity "Let's read, શિક્ષકે વાંચવાની નથી, વિદ્યાર્થીઓ વાંચશે. પ્રવૃત્તિ કરાવતી વખતે વિદ્યાર્થી આપેલા ચિત્રમાં દર્શાવવામાં આવેલી ક્રિયા સિવાયના action wordsના આધારે વાક્યો બનાવે તો તે પણ સ્વીકાર્ય રહેશે તથા તેમને પ્રોત્સાહિત કરવા. Activity "Let's read, શિક્ષકે વાંચવાની નથી, વિદ્યાર્થીઓ વાંચશે. શિક્ષક વિદ્યાર્થીઓને hints આપી self reading કરવા મદદ કરશે. વિદ્યાર્થી વાંચવામાં કોઈ ભૂલ કરે તો તેને તાત્કાલિક સુધારવાનો પ્રયત્ન ના કરવો. વર્ગમાં વારાફરતી દરેક વિદ્યાર્થીઓને વાંચવા માટેની તક આપવી. જેથી વિદ્યાર્થીઓ પોતાની ભૂલ જાતે જ સમજે અને સુધારવા પ્રયત્ન કરે.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- Silent Reading
- Activity "Let's read

**મૂલ્યાંકન :**

-શિક્ષકની સૂચના મુજબ કાર્ય કરો.

- Silent Reading
- પ્રશ્નોના જવાબ વાર્તાના આધારે લખવા
- spelling લખવા

-પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિઓ કરવી.